# 1. મધરાતથી સૂર્યોદય ભણી

મનુષ્યજીવનને અવારનવાર સફર સાથે સરખાવવામાં આવતું રહ્યું છે. આ સરખામણી સાચી છે, કેમ કે, સફરની જેમ જ જીવનમાં પણ સતત આગળ વધતા જવાનું હોય છે. અલબત્ત, આપણા હાથમાં નથી આ સફરનો આરંભ, કે નથી તેનો અંત. આ સફરનો અંતિમ પડાવ એટલે કે મંજિલ મૃત્યુ છે. આથી અન્ય સફરમાં બને છે એમ આખરી પડાવે પહોંચવાનો રોમાંચ લેવા માટે આપણે હયાત હોતા નથી. આથી જ, જીવનમાં ખરો આનંદ સફરનો લેતાં રહેવાનો છે. આ સત્ય જે સમજી જાય એ કદી દુઃખી ન થાય.

આઠ સાડા આઠ દાયકાની મારી જીવનસફર અનેક સ્મૃતિઓથી સભર છે. સફરનો આ આખરી તબક્કો ચાલી રહ્યો છે અને મંજિલ નજીક આવતી જણાય છે એમ મને પાછું વળીને જોવાનું મન થતું રહે છે. અનેક સ્મૃતિઓ દિલોદિમાગમાં તરવરી રહી છે. કેવા સંજોગોમાં આરંભાઈ મારી જીવનસફર? કેવા કેવા મુકામો તેમાં આવ્યા? કેવા કેવા લોકો તેમાં મળ્યા અને કેવા કેવા અનુભવો થતા ગયા? આ બધું યાદ કરતાં કરતાં સ્વાભાવિકપણે જ મને મારા પૂર્વજોનું સ્મરણ થઈ આવે છે.

કથાનો આરંભ જેઠાલાલ અને સોનાબા નામનાં પાત્રોથી કરીએ. સગપણે તેઓ મારાં દાદા અને દાદી થાય. તેઓ પોરબંદરના શિકોત્રા ફળિયામાં રહેતાં હતાં. લગ્ન પછી આ દંપતીને ખોળે પહેલવહેલું સંતાન અવતર્યું. એ દીકરો હતો, જેનું નામ પાડવામાં આવ્યું વશરામ. વર્ષ હતું 1908નું. વીસમી સદીના પહેલા દાયકાનો એ સમયગાળો હતો. તેના આગમનના પગલે ઘરમાં ખુશાલી વ્યાપી ગઈ, પણ એ ઝાઝું ટકી ન શકી. વશરામ માત્ર છ મહિનાનો હતો અને તેના પિતાજી જેઠાલાલનું અવસાન થયું. 'પિતા' શબ્દનો, એ સંબંધનો પરિચય થાય એ પહેલાં તો તેને પિતાજીની છત્રછાયા ગુમાવી દેવાનો વારો આવ્યો. એમ લાગ્યું કે વશરામના આગમન સાથે જ મધરાતનો ઘોર અંધકાર છવાયો! એ જમાનો સંયુક્ત કુટુંબનો હતો. પરિવારો બહોળા હતા અને એકમેકની હૂંફે સુખદુઃખ વહેંચીને લોકો જીવતા હતા.

છ મહિનાના બાળક વશરામના ઉછેરની જવાબદારી જેઠાલાલના મોટા ભાઈ ત્રિકમભાઈએ ઉપાડી લીધી. એટલે કે ત્રિકમભાઈ વશરામના મોટા બાપા (કાકા) થાય. આમ, કાકાની છત્રછાયામાં ભત્રીજાનો ઉછેર થવા લાગ્યો. ત્રિકમબાપાનાં પોતાનાં પણ ત્રણ સંતાનો હતાં, જેમાં બે દીકરાઓ - દેવરાજભાઈ અને પરશોત્તમભાઈ તથા દીકરી નંદુબહેનનો સમાવેશ થાય છે. આ ત્રણમાં ઉમેરો થયો ચોથા વશરામનો.

વશરામની સગી મા સોનાબાએ પતિની વિદાયના એકાદ વરસ પછી પુનર્લગ્ન કર્યું. પરણીને તેઓ બૈરા, મોઝામ્બિક ગયાં. આ ઘટના સમજવી મને આજે પણ મુશ્કેલ લાગે છે. વીસમી સદીના આરંભિક કાળે હજી વિધવાપુનર્વિવાહનો રિવાજ ખાસ ચલણી નહોતો બન્યો. એ સમયે આ લગ્ન શી રીતે શક્ય બન્યું હશે? એથી વધુ નવાઈ મને એ વિચારીને લાગે છે કે દોઢેક વરસના સાવ કુમળા સંતાનને મૂકીને પરણતાં સોનાબાનો જીવ શી રીતે ચાલ્યો હશે? એમની શી મનઃસ્થિતિ હશે? આ બધા સવાલના જવાબ મળવા હવે તો સંભવ નથી, તેથી તે એક કોયડારૂપ જ બની રહ્યા છે.

નાનકડા વશરામને ત્રિકમબાપા સગા દીકરાની જેમ ઉછેરવા લાગ્યા. એમ કહી શકાય કે તેમણે ભત્રીજાને સગા બાપથી પણ વિશેષ પ્રેમ આપ્યો. પોતાનાં ત્રણ સંતાનની સાથોસાથ ચોથા સંતાન તરીકે ભત્રીજાનું લાલનપાલન તેઓ કરતા રહ્યા. ત્રિકમબાપાની આર્થિક સ્થિતિ સામાન્ય હતી. ટાંચી આવકમાં બહોળા કુટુંબનું પૂરું કરવાનું. ઘરનું ગાડું તાણીતૂસીને ચાલતું. એ સમયે અક્ષરજ્ઞાનનું મહત્ત્વ ઓછા લોકો સમજતા. આમ છતાં, ત્રિકમબાપા વશરામને શાળાએ મોકલતા હતા. જોકે, આર્થિક સ્થિતિ અતિશય તંગ થતાં તેમણે વશરામને બે ચોપડી પૂરી કરાવીને શાળામાંથી ઉઠાડી લીધો, જેથી તે નાનુંમોટું કશું કામ શીખીને પરિવારને ટેકારૂપ થઈ શકે. આર્થિક વિટંબણા કઈ હદની હશે એનો અંદાજ આના પરથી આવી શકશે.

શેરીમાં રમતો રમવાની ઉંમરે નાનકડા વશરામે પરિવારને સહાયરૂપ બનવા માટે આર્થિક જોગવાઈની વેતરણમાં જોતરાઈ જવું પડ્યું. ત્રિકમબાપાએ તેને રવજીકાકાની દુકાનમાં મોકલવાનું શરૂ કર્યું. રવજીકાકા દરજીકામ કરતા હતા. તેમની પાસે વશરામે સીવણકામની તાલીમ લેવા માંડી. એ સમયે સીવણકામ શીખવવા માટેની સંસ્થાઓ ક્યાં હતી! કદાચ હશે તોય અમદાવાદ, મુંબઈ જેવાં મોટા શહેરોમાં હોય. ગામડાં અને નગરોમાં એ શીખવા ઇચ્છનારે કોઈ ને કોઈ દરજીને ત્યાં જ જોડાઈ જવું પડતું અને શીખવું પડતું. શીખવાની સાથેસાથે દુકાનદારના નાનામોટા ધક્કાફેરા પણ ખાવા પડતા.

તરુણ વયના વશરામે રવજીકાકાની દુકાને બેસવાનું શરૂ કર્યું. શરૂઆત ગાજબટનનું કામ શીખવાથી થઈ. દિવસભર સિવાઈને તૈયાર થયેલાં કપડાંનાં ગાજ બાંધ્યા કરવાનાં અને બટન ટાંક્યે રાખવાનાં. કામ કંટાળો આવે એવું અને નગણ્ય લાગે, પણ એમાં ઘણું શીખવા મળતું. ઓટણકામ કરતી વખતે સોય બરાબર પકડી ન હોય તો એ આંગળીના ટેરવે ઘોંચાઈ જાય. આથી સોય કેમ પકડવી, દોરો કેમ પરોવવો, કપડું કેમ પકડવું જેવી ઝીણીઝીણી ખૂબીઓ રવજીકાકા વશરામને શીખવતા જતા. વશરામને કામ શીખવાની ધગશ ઘણી હતી. પ્રકૃતિ પણ મહેનતુ. ધીરજપૂર્વક તેણે આ કામ શીખવા માંડ્યું. વચ્ચે વચ્ચે રવજીકાકા ઘરનાં નાનાંમોટાં કામ પણ ચીંધતા. ક્યારેક ઘેરથી ચા આવવામાં વહેલુંમોડું થયું હોય તો રવજીકાકા હાંકોટતા, 'વશરામ ઘેરથી ચાની કીટલી લઈ આવજે તો!' વશરામને રવજીકાકા ઘર સુધી દોડાવતા. ક્યારેક પોતાનું કામ પડતું મૂકીને કેદારનાથ લત્તામાં આવેલી પરશોત્તમ ભગતની દુકાને સોયની પડીકી, સંચા ઊંજવાના તેલની ડબ્બી

કે સીવવાના દોરાની રીલ લેવા વશરામને દોડવું પડતું, પણ વશરામને કશાની આળસ નહોતી. તે હોંશેહોંશે અને હસતે મોંએ કામ કરતો.

એમ તો વશરામ પહેલાં પણ રવજીકાકાની દુકાનમાં બીજા છોકરા કામ શીખવા આવી ગયેલા. એમાંના મોટા ભાગના એક યા બીજા કારણથી બે-ચાર દિવસથી વધુ ટકી શકતા નહીં. ગાજબટન કરવામાં હજી હાથ ન બેઠો હોય, આંગળીમાં સોય ઘોંચાઈ જતી હોય અને ઉપરથી રવજીકાકાની કચકચ. ભાગ્યે જ કોઈ ટકી શકતું, પણ વશરામ જુદી માટીનો હતો. રવજીકાકા ક્યારેક કશું આકરું કહે તો પણ પોતાના ભલા માટે કહે છે એ વશરામ સમજી ચૂકેલો. રવજીકાકા તેને જે શીખવે તેની અસર કામમાં તરત દેખાતી. રવજીભાઈ પર પણ વશરામની ધીરજ, હૈયાઉકલત અને સફાઈદાર કામની અસર થવા લાગી. વશરામની ચીવટથી તેઓ રાજી થતા અને દિલ દઈને શીખવતા.

ધીમે ધીમે ગાજબટન કરવામાં વશરામ પારંગત થઈ ગયો એ પછી રવજીકાકાએ તેને સંચા પર બેસાડવાનું શરૂ કર્યું. પહેલા દિવસે એમણે કપડું સીવતી વખતે શી રીતે પકડવું, સીધા બખિયા કેમ ભરવા, સંચાની કેવી રીતે કાળજી રાખવી વગેરે દરજીકામની બારીકીઓની સમજણ આપી. એ પછી સાદી ચડ્ડી સીવવાની તાલીમ શરૂ થઈ. એ શીખતાં એકાદ અઠવાડિયું લાગ્યું. ત્યાર પછી હાફ પેન્ટનો વારો આવ્યો. બેએક મહિનામાં વશરામે એ પણ શીખી લીધું. તાલીમના અંતિમ તબક્કામાં કોટ-પાટલૂન સીવવાનું શીખવાનું હતું. રવજીકાકાએ એ શીખવ્યું અને વશરામે બહુ ઝડપથી તેને આત્મસાત્ કરી લીધું. આ કામ શીખવામાં વશરામની આગવી કોઠાસૂઝ કામે લાગતી. તે મહેનતુ ખૂબ હતો. સાહસિક પણ ખરો. આ ત્રણે ગુણોના વિરલ સંગમને કારણે પોતાના કામમાં તે નિપુણ બની ગયો.

જોતજોતાંમાં પોરબંદરમાં વશરામની ખ્યાતિ એક સારા કારીગર તરીકે પ્રસરવા લાગી. રવજીકાકાને તેના પ્રત્યે વિશેષ લાગણી અને એક જાતનો ભરોસો હતો. ધીરે ધીરે તેમણે દુકાનની જવાબદારી વશરામને સોંપવાનું શરૂ કર્યું. ક્યારેક કશા કામસર રવજીકાકાને બહારગામ જવાનું થાય તો વશરામને જ બધું સોંપીને તેઓ નીકળતા. વશરામની કામ પ્રત્યેની નિષ્ઠા જોઈને તેમણે પચાસ રૂપિયાનો પગાર પણ બાંધી આપ્યો. આમ, વશરામની આવકને કારણે ત્રિકમબાપાને ઘર ચલાવવામાં આર્થિક ટેકો મળતો થયો.

વશરામ હવે તો પગભર થઈ ગયો હતો. આથી ત્રિકમબાપાએ તેના માટે યોગ્ય કન્યાની તપાસ આદરી. એ જમાનામાં લગ્ન નાની ઉંમરે ગોઠવાઈ જતું. સગાંસંબંધીને કાને ત્રિકમકાકાએ વાત નાખી. ભાણવડના એક સંબંધી એક કન્યાની વાત લાવ્યા. ભાણવડના રામજી મૂળજી માંડલિયાનાં પાંચ સંતાનોમાં બે દીકરા - વેલજીભાઈ અને કારાભાઈ તેમજ બે દીકરીઓ- કમળાબહેન અને કતીબહેન તેમની સાથે જ હતાં. એક દીકરી સંતોકબહેનને પરણાવી દીધી હતી અને તે દારેસલામમાં સ્થાયી થયેલી હતી. રામજીભાઈનાં પત્નીનું નામ અવલબહેન હતું. અલબત્ત, અવલબહેન રામજીભાઈનાં બીજી વારનાં પત્ની હતાં. બંને દીકરીઓની માતા અવલબહેન હતાં, જ્યારે બંને દીકરાઓ રામજીભાઈને અગાઉનાં પત્નીથી જન્મેલા. અવલબહેન ગામમાં ‘નવી મા’ તરીકે ઓળખાતાં. બંને દીકરીઓ પૈકી

મોટી દીકરી કમળા ચાર ચોપડી સુધી ભણેલી અને સંસ્કારી હતી. રામજીભાઈનું કુટુંબ પણ જાણીતું હતું. આવા કુટુંબની કન્યા માટે પ્રસ્તાવ આવ્યો એટલે ત્રિકમબાપાએ વાતને વધાવી લીધી.

આમ, વશરામ અને કમળાનું લગ્ન 1927માં થયું.

લગ્નવેળાએ વશરામભાઈની ઉંમર 19 વર્ષ અને કમળાબહેનની 14 વર્ષ હતી. લગ્ન પછી કમળાબહેને પોતાની સૂઝબૂઝથી ઘરને સંભાળી લીધું. એ સમયની મોટા ભાગની સ્ત્રીઓની જેમ પતિને પગલે નહીં, પણ પતિની સાથોસાથ કદમ મિલાવ્યાં. જોતજોતાંમાં પોરબંદરમાં તેમની જોડી ‘સારસબેલડી’ તરીકે જાણીતી બની. આગળ જતાં આ દંપતીને ખોળે જન્મ લેવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું.

એ સમયે સંબંધોના તાણાવાણા કેવા ગૂંથાયેલા રહેતા અને પરિવારપ્રથા કેવી હતી તે જાણવું રસપ્રદ થઈ પડે એમ છે.

વશરામભાઈ અને કમળાબહેનનાં લગ્ન પછી થોડા સમયમાં કમળાબહેનના પિતાજી રામજીભાઈનું અવસાન થયું. રામજીભાઈની વિદાય પછી તેમના ઘરનું વાતાવરણ બદલાતું ગયું. તેમના દીકરાઓ વેલજીભાઈ અને કારાભાઈ પોતાની સાવકી મા અવલબહેન સાથે તોછડાઈથી વર્તવા લાગ્યા. અવલબહેનને છાશવારે પોતાના ઓરમાન દીકરાઓના તુંકારા સહન કરવા પડતા. તેમની માનમર્યાદા લોપાવા લાગી. અવલબહેન બહુ સ્વમાની હતાં. જે સ્થળે પોતાનું સ્વમાન અને માનમર્યાદા ન જળવાય ત્યાં રહેવું નકામું! તેઓ પોતે હાથસિલાઈનું કામ જાણતાં હતાં. ‘ભીંતે લાત મારીને પણ રોટલો રળી લઈશ’ એવો નિર્ધાર કરીને તેમણે પોતાનું ઘર એટલે કે સાસરું છોડ્યું. સાથે દીકરી કતીબહેન પણ હતાં. ભાણવડથી તેઓ કુતિયાણા આવી ગયાં. આમ, અવલબહેનની એક દીકરી કમળાબહેન પોરબંદરમાં વશરામભાઈ સાથે પરણાવેલી હોવાથી ત્યાં રહેતી હતી, જ્યારે બીજી દીકરી પોતાની સાથે હતી.

પોરબંદરમાં વશરામભાઈ પગભર થયેલા, પણ તેમની સ્થિતિ કંઈ એટલી સારી નહોતી. તે સિલાઈકામ કરીને રળતા, પણ ઘરમાં સભ્યોની સંખ્યા વધુ. ત્રિકમબાપાના મોટા દીકરા પરશોત્તમભાઈ એક વાણિયાની દુકાને રોજ ભરવા જતા. અહીં તેમને મળી મળીને શું મળે? ત્રિકમબાપાના બીજા દીકરા દેવરાજભાઈ ઘડિયાળ રિપેરિંગનું કામ જાણતા હતા. તેમને થોડીઘણી આવક થતી. આ સંજોગોમાં દળી દળીને ઢાંકણીમાં નાખવા જેવી વશરામભાઈની હાલત હતી. આવું ક્યાં સુધી ચાલતું રહેશે એ વિચારે તે મૂંઝાતા રહેતા.

એ સમયગાળામાં પોરબંદરથી ઘણા યુવાનો નસીબ અજમાવવા માટે આફ્રિકા જતા. વર્ષે-બે વર્ષે તેઓ પોતાના પરિવારને મળવા દેશમાં આવે ત્યારે એમનો પહેરવેશ, રીતભાત અને બોલચાલ સાવ બદલાઈ ગયાં હોય. તેમણે ટાઈ અને સૂટ પહેરેલાં હોય, ગળામાં પેન્ડન્ટવાળી સોનાની ચેઇન ઝૂલતી હોય, આંખે સોનેરી ફ્રેમવાળાં ગોગલ્સ ચઢાવ્યાં હોય અને પગમાં ચમકદાર શૂઝ! કોઈ મોટા સાહેબ જ જોઈ લો. તેઓ પોતાના પરિવારજનો માટે ઢગલો ભેટસોગાદો લેતા આવતા. આફ્રિકાથી દેશમાં આવેલા આ યુવાનોની આભા

જ એવી રહેતી કે સૌ કોઈ એમનાથી અંજાઈ જાય. યુવાન વયના વશરામભાઈ પણ એમાંથી બાકાત નહોતા. તેમને પણ આફ્રિકે જઈને નસીબ અજમાવવાનું મન થતું હતું. આફ્રિકા જવાનું સ્વપ્ન તે મનોમન સેવવા લાગ્યા હતા. તેમનાં મા સોનાબા આફ્રિકામાં જ હતાં. ત્યાં રહ્યે રહ્યે તેમણે સંબંધ જાળવી રાખ્યો હતો. વશરામભાઈ વિચારી રહ્યા હતા કે આફ્રિકા શી રીતે જવું? થોડા સમયમાં તેમની આ મૂંઝવણનો ઉકેલ જણાયો.

■

એ અરસામાં વશરામભાઈનાં માતા સોનાબા કૌટુંબિક લગ્નપ્રસંગે બૈરાથી પોરબંદર આવેલાં હતાં. અહીં તેઓ ત્રણ મહિના સુધી રોકાવાનાં હતાં. પાછાં વળવાનો સમય થયો ત્યારે તેઓ ત્રિકમબાપાને મળવા ગયાં. વશરામભાઈને તેમણે પોતાની સાથે લઈ જવાની દરખાસ્ત મૂકી. અલબત્ત, ત્રિકમબાપાએ ત્યારે તો ચોખ્ખી ના પાડી દીધી અને જણાવ્યું કે વશરામ પોતાની સાથે જ રહેશે. રોકાણનો સમયગાળો પૂરો થતાં સોનાબા પાછાં બૈરા ચાલ્યા ગયાં.

દરમિયાન ત્રિકમબાપાના ઘરની સ્થિતિ દિવસે દિવસે વધુ ને વધુ નબળી થતી ગઈ. ત્રિકમબાપા પણ હવે અવસ્થાએ પહોંચવા આવ્યા હતા. આથી તેમનાથી ઝાઝું કામ થઈ શકે એમ નહોતું. વશરામભાઈને આફ્રિકા મોકલવા માટે તેમણે સોનાબાને ના પાડી દીધી, પણ મોડે મોડે તેમને અહેસાસ થયો કે વશરામભાઈ આફ્રિકા જશે તો જ ઘરનું દળદર ફીટશે. વશરામભાઈ કામગરા હતા,, ઉત્સાહી હતા. તે આફ્રિકા જઈને મહેનત કરે તો કુટુંબ પગભર થઈ શકે એની ખાતરી ત્રિકમબાપાને હતી. આથી તેઓ વશરામભાઈને આફ્રિકા શી રીતે મોકલવા એનો વિચાર કરવા લાગ્યા.

■

પોરબંદરના સુતારવાડામાં માધવજીભાઈ વશરામ બોરખતરિયા રહેતા. તેમની દીકરી જડાવનું લગ્ન નરશી નારણ ચાવડા સાથે થયેલું. નરશીભાઈ ટાંગાનિકાના ટબોરા શહેરમાં સ્થાયી થયેલા. જડાવબહેન સગપણે વશરામની દૂરની બહેન થતી. નરશીભાઈ અને ત્રિકમબાપા વચ્ચે સારો મેળ હતો. તેમની વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલતો. મહિને-બે મહિને ત્રિકમબાપા નરશીભાઈને પત્ર લખતા. વળતા જવાબરૂપે ઍરમેઇલ દ્વારા નરશીભાઈનો પત્ર આવતો. નરશીભાઈ બે-ત્રણ વર્ષે દેશમાં આંટો મારવા પણ આવતા. ટબોરામાં તેમની દરજીકામની દુકાન હતી. ટાંગાનિકામાં ત્યારે અંગ્રેજોની હકૂમત હતી. દુકાનમાં સૂટની સિલાઈનું કામ ધમધોકાર ચાલતું. સારા કારીગરની અહીં હંમેશાં જરૂર રહેતી. નરશીભાઈ પોતે કાપડનું કટિંગ કરતા, પણ ધીમે ધીમે કામ એટલું વધતું ગયું હતું કે એકલે હાથે પહોંચી વળાતું નહોતું. એક વાર તેઓ દેશમાં આવ્યા ત્યારે તેમના મનમાં એમ હતું કે દેશમાંથી સિલાઈકામનો કોઈ સારો અને વિશ્વાસુ કારીગર મળી જાય તો તેને પોતાની સાથે લઈ જવો. આવી એક મુલાકાત દરમિયાન તેમણે ત્રિકમબાપા સમક્ષ પોતાની મૂંઝવણ રજૂ કરી. નરશીભાઈની મૂંઝવણે ત્રિકમબાપાના હૈયે રાજીપો પ્રગટાવ્યો. તેમણે વશરામભાઈની કારીગરી વિશે જણાવ્યું. આ સાંભળીને નરશીભાઈ રાજીરાજી થઈ ગયા. કહે, 'ઓહો!

વશરામ જેવો કારીગર મળતો હોય તો તો સોનામાં સુગંધ! મારે બીજી કશી ચિંતા જ નહીં. તમે રજા આપો તો હું વશરામને જ લઈ જાઉં.'

આ બંને વડીલો વચ્ચે વાત ચાલતી હતી એ સમયે વશરામભાઈ ઘરમાં જ હતા અને અંદરના રૂમમાં બેઠેલા. એકકાન થઈને તે વાતો સાંભળી રહ્યા હતા. ત્રિકમબાપા શો જવાબ આપે છે એની તેઓ આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા. ત્રિકમબાપાએ નરશીભાઈની વાત સાંભળી, વિચાર કરી રહ્યા હોય એમ થોભ્યા અને પછી બોલ્યા, 'નરશી, આ છોકરો મારા ભાઈની એકમાત્ર નિશાની છે. મારા કાળજાના કટકા જેવો છે. એને પરદેશ મોકલતાં મારું મન ખચકાય છે, છતાં વશરામનું ભવિષ્ય બનતું હોય તો હું આડો નહીં આવું. બસ, તું એનું ધ્યાન રાખજે. વધુ તો શું કહું?' આમ બોલતાં બોલતાં એમની આંખો ભીની થઈ હોવાનું વશરામભાઈએ અંદર રહ્યે રહ્યે પણ અનુભવ્યું.

ત્રિકમબાપાની વાત સાંભળીને નરશીભાઈ ખુશખુશાલ થઈ ગયા. તેઓ બોલ્યા, 'ત્રિકમ, તેં મારી ચિંતાનો બોજ હળવો કરી દીધો. હું આફ્રિકા જઈને વશરામને વહેલી તકે બોલાવી લઈશ. ત્યાં સુધી તેના પાસપોર્ટ અને બીજાં કાગળિયાની તૈયારી શરૂ કરી દેજે. ખર્ચની ચિંતા કરતો નહીં. તમામ ખર્ચ હું ભોગવીશ.'

બંને વડીલોની વાતચીત સાંભળી રહેલા વશરામભાઈને પોતાનું આફ્રિકા જવાનું સપનું સાકાર થતું જણાયું. પોરબંદર આવેલા નરશીભાઈ થોડા દિવસમાં પાછા આફ્રિકે ઊપડ્યા. આ તરફ વશરામભાઈએ પાસપોર્ટ અને મુસાફરી માટેનાં જરૂરી કાગળિયાંની તૈયારી શરૂ કરી. થોડા સમયમાં પરમિટ આવી ગઈ. સપનું હવે વાસ્તવમાં રૂપાંતરિત થવાની ઘડી આવી પહોંચી હતી.

■

જોતજોતાંમાં વશરામભાઈનો ટબોરા જવાનો દિવસ આવી ગયો. ઘરમાં વાતાવરણ ભારે હતું. બીજી બાજુ હૈયામાં ખુશી પણ હતી. ટબોરા જવું એટલે ઉજ્જ્વળ ભવિષ્ય તરફ નિશ્ચિત ગતિ કરવી. શરૂઆતમાં તો વશરામભાઈએ એકલાએ જ જવાનું હતું. આથી પત્ની કમળાબહેનને તેમણે કુતિયાણા તેમની મા અવલબહેન પાસે મોકલી આપી. કમળાબહેનનાં બહેન સંતોકબહેન દારેસલામ પરણાવેલાં હતાં. તેમના પતિનું નામ તુલસીભાઈ. તેઓ દસેક વર્ષથી ત્યાં સ્થાયી હતાં અને સમૃદ્ધ કહી શકાય એવાં હતાં. અત્યંત ઉદાર અને પ્રેમાળ સ્વભાવ ધરાવતાં આ દંપતીને ત્યાં મહેમાનોની અવરજવર સતત રહેતી. ત્રિકમબાપાએ તુલસીભાઈને પત્ર લખીને વશરામભાઈના આગમનની જાણ કરી દીધી હતી. તેઓ વશરામભાઈને લેવા માટે દારેસલામના બંદરે આવે એમ પણ તેમણે જણાવેલું. આમ, સાવ અજાણી ભૂમિમાં પહેલું ડગ માંડતાં જ વશરામભાઈને મૂંઝારો ન થાય એની તકેદારી ત્રિકમબાપાએ રાખેલી.

જવાના દિવસે વશરામભાઈએ ત્રિકમબાપાના ચરણસ્પર્શ કર્યા. ત્રિકમબાપાએ તેમને બાથમાં લઈ લીધા. માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. વશરામભાઈની આંખો પણ ભીની

હતી. ત્રિકમબાપાએ ત્યાં પહોંચીને તરત ટપાલ લખવાની વશરામભાઈને ભલામણ કરી. પોતે જન્મ્યા હતા, ઊછર્યા હતા અને પગભર થયા હતા એ ભૂમિની માટી વશરામભાઈએ માથે ચડાવી. સૌ સ્નેહીઓની વિદાય લીધી અને સ્ટીમર તરફ પ્રયાણ કર્યું. સ્ટીમરનું નામ હતું 'ઉગુન્જા'.

નવી ભૂમિ તરફનો એ પ્રવાસ વશરામભાઈના જીવનના સાવ નવા અધ્યાયનો આરંભ હતો. તેઓ ટાંગાનિકા જવા ઊપડ્યા એ દિવસ હતો 15 જુલાઈ, 1933નો. વશરામભાઈની ઉંમર હતી પચીસ વર્ષ. નવી ભૂમિમાં નવા અનુભવો માટે તે મનોમન સજ્જ હતા.

# 2. સૂર્યોદય પછી મધ્યાહ્‌ન

વીસમી સદીના પૂર્વાર્ધનો બીજો-ત્રીજો દાયકો. ટાંગાનિકામાં ત્યારે ભારતીયોની વસતિ ખાસ નહોતી. આ દેશમાં પુષ્કળ શ્રમિકોની જરૂર હતી. આથી ખાસ કોઈ લાંબી કાનૂની વિધિ વિના ત્યાં જઈ શકાતું. અહીં જર્મનોનું શાસન હતું, જેના કાયદા બહુ આકરા હતા. નાની-મોટી ચોરી કરતાં કોઈ પકડાય તો તેનાં કાંડાં કાપી નાખવામાં આવતાં. આને કારણે કાયદાનું સૌ ચુસ્તપણે પાલન કરતા.

નરશીભાઈ નારણભાઈ ચાવડા ત્યાં ગયા એ અરસામાં અમારી જ્ઞાતિના બીજા કેટલાક લોકો પણ ત્યાં ગયેલા અને જ્યાં અનુકૂળ પડ્યું ત્યાં સ્થાયી થવા લાગ્યા હતા. એ પછી ટબોરામાં ઘણા ગુજરાતીઓ આવવા લાગ્યા અને સ્થાયી થતા રહ્યા. અમારી જ્ઞાતિના બીજા ચાર-પાંચ પરિવારો પણ વસેલા. ટબોરા પ્રમાણમાં મોટું હતું. જાણીતા કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ 1924માં મધ્ય-પૂર્વ આફ્રિકાની મુલાકાતે આવ્યા હતા. પોતાના 'આફ્રિકાનો પ્રવાસ' પુસ્તકમાં તેમણે નોંધ્યા મુજબઃ 'જર્મન સરકારનો તો એવો વિચાર હતો કે ટબોરાને રાજધાનીનું શહેર બનાવવું. અને ટબોરાથી ઠેઠ મ્વાન્ઝા સુધી ટ્રેન નાખી દેવી.' આ વિચારણાને બ્રિટિશ સરકારે મૂર્ત સ્વરૂપ આપીને સફળ બનાવી હતી. આ રેલવેલાઇન બાંધવાનું કામ 1923માં ટબોરાથી શરૂ કરવામાં આવ્યું હતું. તેનું સમાપન 1928માં મ્વાન્ઝામાં પૂરું થયું હતું. રેલવેલાઇન તૈયાર થયા પછી ઘણા ભારતીયો ટબોરામાં આવીને વસતા થયા હતા. નાનાભાઈ ભટ્ટ ટબોરામાં થોડા દિવસ રહ્યા હતા. એ વખતે ટબોરામાં ભારતીય પરિવારો હોવાનું તેમણે પોતાના પુસ્તકમાં નોંધ્યું છે. 1924માં ટબોરામાં 'ઇન્ડિયન અસોસિએશન' નામની સંસ્થા હતી, જેના પ્રમુખ રા. મુસાજી હતા.

આવા ટબોરા શહેરમાં જવા માટે પોરબંદરથી વશરામભાઈ સ્ટીમરમાં નીકળ્યા હતા. બાર દિવસની દરિયાઈ મુસાફરી હતી. વતન અને સ્વજનોની લીધેલી વિદાય, અને વધારામાં દરિયાઈ મુસાફરીની નાની-મોટી તકલીફો! જેમ તેમ કરીને બાર દિવસ વિતાવ્યા. આખરે સ્ટીમર દારેસલામના બારામાં પ્રવેશી. એટલું સારું હતું કે આ સાવ અપરિચિત ભૂમિમાં એ સાવ અજાણ્યા નહોતા. ગોદીથી અડધાએક માઈલના અંતરે સ્ટીમર ઊભી રહી. તેના તૂતક પર ઊભેલા મુસાફરો આંખો ખેંચી ખેંચીને ગોદી તરફ જોઈ રહ્યા હતા કે પોતાને લેવા માટે કોણ આવેલું છે. અહીંથી નાની હોડીઓમાં સૌએ પોતપોતાના સામાન સાથે ગોદી સુધી જવાનું હતું.

વશરામભાઈની પાસે સામાનમાં એક નાની પેટી હતી. હોડીમાં ગોઠવાઈને તે ગોદી સુધી

આવી ગયા. કસ્ટમની વિધિ પતાવી અને બહાર પ્લૅટફૉર્મ પર આવ્યા. જોયું તો તુલસીભાઈ તેમને લેવા માટે આવેલા હતા. વશરામભાઈને જોતાં જ તેઓ તેમને ભેટી પડ્યા.

દારેસલામમાં તેમણે પોતાનાં સાળી સંતોકબહેનને ઘેર જવાનું હતું. સાળી અને સાઢુભાઈની હૂંફાળી પરોણાગત માણ્યા પછી વશરામભાઈએ ટબોરા જવાની તૈયારી કરી. ટબોરામાં તેમણે નરશીભાઈને ત્યાં જવાનું હતું. નરશીભાઈની કથા પણ ઉતારચડાવ ધરાવતી હતી.

■

નરશીભાઈ પોતાની માત્ર બાર-તેર વર્ષની વયે ટબોરા આવી ગયેલા. તેઓ દારેસલામના બંદરે ઊતરેલા. એ સમયે ત્યાં અમારી જ્ઞાતિની માત્ર એક જ વ્યક્તિ વસતી હતી. એ હતા કાલીદાસ રામજી જાદવ. નરશીભાઈને કાલીદાસ પોતાને ઘેર લઈ ગયેલા. તેમને કપડાં સીવતાં શીખવ્યું. નરશીભાઈ પગભર થઈ શકે એ રીતે તેમને તૈયાર કર્યા. આમ ને આમ, પાંચેક વર્ષ નરશીભાઈ દારેસલામમાં કાલીદાસને ત્યાં રહ્યા. એ પછી તેઓ ટબોરામાં સ્થાયી થવા નીકળ્યા.

ત્યારે ટબોરા પહોંચવા માટે બસ કે રેલવે કશું જ ઉપલબ્ધ નહીં. સફર અત્યંત જોખમી. ગાઢ વનમાં થઈને પસાર થવાનું. સાથે કોઈ ભોમિયો જોઈએ. ભોમિયો પણ સામાન્ય ન ચાલે. એ છાતીકઢો અને સ્થાનિક બોલી જાણનારો હોવો જોઈએ. હિંસક અને જંગલી જનાવરોનો પૂરેપૂરો ભય. ક્યારે, કઈ દિશામાંથી અને કઈ ઝાડીમાંથી ચિત્તો તરાપ મારે તે નક્કી નહીં. સિંહ, હાથી, ફીશી (ઝરખ) કે સિંહ જેવાં વન્ય પ્રાણીઓથી પણ પોતાનું રક્ષણ કરતાં જવાનું અને સફર આગળ વધારતાં જવાનું. કોઈક વાર તો જંગલી જનાવરોથી બચવા ઝાડ પર ચડી જવું પડતું. જંગલી ભેંસોનો પણ બહુ ઉપદ્રવ રહેતો.

લાંબી સફર કરનારા લોકો ગધેડા કે મચેરા (પાલખી)માં બેસીને કાફલામાં જતા. કદીક રસ્તામાં ભોજન ખૂટી પડે ત્યારે ઝાડનાં પાંદડાં ચાવીને પેટનો અગ્નિ ઠારવો પડતો. રસ્તે પગપાળા જતા માણસો ભાગ્યે જ મળતા. એવા કોઈ મળે એ કાં મસાઈ હોય કાં આરબ શિકારીઓ. એ સિવાય ચોફેર ઊંચા પહાડો, કદાવર વૃક્ષો, ઝરણાં, અને સૂસવતો પવન. ક્યારેક જંગલી પશુઓના અવાજ સંભળાય ત્યારે શરીરમાંથી ભયનું લખલખું પસાર થઈ જતું... રસ્તા સાવ કાચા અને સાંકડા. સહેજ ગાફેલ રહીએ તો ગબડી પડવાનો પૂરો ભય.

આવી અઢી મહિનાની લાંબી અને કપરી મજલ કાપીને નરશીભાઈ આખરે ટબોરા પહોંચેલા. ટબોરા આવ્યા પછી તેઓ થોડો સમય રણછોડભાઈ પટેલના પિતાજી હીરજીબાપાની સાથે રહ્યા હતા. હીરજીબાપાનો ટબોરામાં મોટો શામ્બો (વાડી) હતો. ગામમાં તેમની એક દુકાન હતી, જેમાં તેઓ તાજાં શાકભાજી વેચતા. ટબોરામાં એ વખતે ધરમસી સુમાર અને લાધા સુમાર નામના બે ભાઈઓ પણ વસતા હતા. ટબોરામાં રહેતા ગુજરાતીઓમાં આ સૌ પુરુષો હતા. એકમાત્ર મહિલા હોય તો એ મુખિયાણી એટલે કે ધરમસી સુમારની બીબી. છડેછડા પુરુષોએ જાતે જ પોતાનું ભોજન રાંધવું પડતું. ઠીક

ઠીક સમય પછી ટબોરામાં અલી જુમા અને સકીનાબાનુ દંપતી રહેવા આવેલું. ત્યારે મુખિયાણીને સકીનાબાનુની સોબત મળેલી.

નરશીભાઈ ઘણા સમય સુધી હીરજીબાપા સાથે રહ્યા. એ પછી 1922માં તેઓ લગ્ન માટે પોરબંદર આવ્યા. પોરબંદરમાં તેમનું લગ્ન ગોઠવાયું. થોડા સમય પછી તેમનાં પત્ની પણ ટબોરા આવી ગયાં. તેમને એક પુત્રી જન્મી, જેનું નામ કુંવરબહેન. દીકરીના આગમનની ખુશી મનાવવાનો નરશીભાઈને અવસર જ ન મળ્યો, કેમ કે, દીકરીને જન્મ આપીને જનેતા મૃત્યુ પામી હતી. સાવ નાનકડી દીકરીને એકલે હાથે ઉછેરવી શી રીતે? તેમણે બીજી વાર ઘર માંડવાનું નક્કી કર્યું.

પોરબંદરની કન્યા જડાવ સાથે તેમનું લગ્ન બીજી વારનું હતું. જડાવ એટલે વશરામભાઈની દૂરની બહેન. જડાવબહેન સાથે નરશીભાઈનો સંસાર સુખરૂપ આગળ વધ્યો. એક પછી એક તેમને કુલ સાત સંતાન થયાં. એમાં છ દીકરીઓ હતી અને સૌથી નાનો એક દીકરો હતો, જેનું નામ તુલસી. તુલસીભાઈ કરતાં વશરામ પચીસેક વરસ મોટો. એટલે પુત્રની ઉંમરનો જ કહી શકાય. નરશીભાઈ કપડાં સીવવાની દુકાન ચલાવતા હતા. તેમની દુકાન ટબોરામાં ખૂબ જાણીતી હતી. તેમાં આઠ-દસ આફ્રિકન ફુંડીઓ (કારીગરો) હતા. કામ એટલું રહેતું કે તેઓ બંધબારણે મોડી રાત સુધી કામ કરતા રહેતા. આ કારીગરોનું બંને સમયનું ભોજન પણ નરશીભાઈને ત્યાં તૈયાર થતું.

■

નરશીભાઈની આ દુકાનમાં વશરામભાઈએ ગોઠવાવાનું હતું. વશરામભાઈ ટબોરા પહોંચ્યા ત્યારે ત્યાં અનેક ગુજરાતી (વાંઝા દરજી) પરિવાર વસેલા હતા. આ પરિવારોમાં રવજીભાઈ લાલજી માંડલિયા અને કલ્યાણજીભાઈ માંડલિયા, નરશી ખીમજી પરમાર, વલ્લભદાસ વીરજી જેઠવા, દેવરાજરામ માંડલિયા, ટોપણ નાનજી જેઠવા વગેરે નામો અગ્રણી કહી શકાય. એમાંના ત્રણ પરિવારોની પોતાની દુકાનો હતી.

વશરામભાઈ કટિંગમાં નિષ્ણાત હતા. આથી તેમને ટબોરામાં ગોઠવાઈ જવામાં વાર ન લાગી. એ કાપડને વેતરતા. ફુંડીઓ એ સીવતા. નરશીભાઈની દુકાન સરસ ચાલી રહી હતી, અને એમાં વશરામભાઈ જેવા નિષ્ણાત કારીગર જોડાયા. પછી પૂછવું જ શું? નવા દેશના અપરિચિત ગામમાં વશરામભાઈ બહુ ઝડપથી ગોઠવાઈ ગયા.

વશરામભાઈ લેડીઝ અને જેન્ટ્સ કામના માસ્ટર ટેઇલર ગણાતા. ફિલ્મોના કલાકારોએ કોઈ નવી ફેશનનું કપડું પહેર્યું હોય તો બીજા દિવસે અદ્દલ એના જેવી જ ડિઝાઇનવાળું કપડું સીવીને વશરામભાઈએ હેન્ગર પર લટકાવી દીધું હોય! એ જોઈને દુકાનમાં એવી ફેશનનાં કપડાં સીવડાવવા માટે જુવાનિયાઓની પડાપડી શરૂ થઈ જતી. નવરાત્રિના તહેવારમાં પણ વશરામભાઈ જાતજાતનાં કપડાં તૈયાર કરતા. ટબોરામાં રહેતા ગુજરાતીઓ હોંશેહોંશે નવરાત્રિ ઊજવતા. વશરામભાઈ પોતે પણ ડાગલાનો વેશ ધારણ કરીને દાંડિયારાસ રમવા જતા. હીરજી બાવો તેમનો ખાસ દોસ્ત બની ગયેલો. વશરામભાઈ તેને પણ તૈયાર કરતા.

જર્મનોના શાસનમાં કાયદાની અને સજાની ધાક એવી હતી કે દુકાન રેઢી મૂકીને કલાક બે કલાક ગામમાં લટાર મારવા નીકળો તો દુકાનમાંથી કોઈ કશું આઘુંપાછું નહીં કરે એની ખાતરી હોય!

શરૂઆતમાં નરશીભાઈ સાથે રહ્યા પછી વશરામભાઈએ કાનજી માધવજીના ગુલ્ફા (મેડી) પર એક મોટો ઓરડો ભાડે રાખ્યો. પત્ની કમળાબહેનને પણ તેમણે દેશમાંથી તેડાવી લીધી. કમળાબહેન ટબોરા આવ્યાં એટલે વશરામભાઈના ઘરમાં રસોડું ધમધમતું થઈ ગયું. જોકે, અહીં જડાવબહેન અને નરશીભાઈને તેમના વિના ગમતું નહોતું. ટબોરામાં વશરામભાઈનું ગૃહસ્થ જીવન ખરા અર્થમાં શરૂ થયું એમ કહી શકાય. અહીં કમળાબહેનને સારા દિવસો રહ્યા. યોગ્ય સમયે તેમણે પુત્રને જન્મ આપ્યો. નામ રાખવામાં આવ્યું વૃંદાવન. વર્ષ હતું 1934નું.

એક દોઢ વરસ વશરામભાઈ અને કમળાબહેન કાનજી માધવજીના ગુલ્ફામાં રહ્યાં. નાનકડા વૃંદાવનને સાચવવાની જવાબદારી કમળાબહેનની હતી. વશરામભાઈ આખો દિવસ દુકાને રહેતા. આથી જડાવબહેન તેમને પોતાની ભેગાં રહેવા આવી જવા માટે આગ્રહ કરતાં રહ્યાં. આખરે તેમના આગ્રહને વશ થઈને વશરામભાઈ અને કમળાબહેન તેમના ઘરમાં, તેમની સાથે જ રહેવા આવી ગયાં.

નરશીભાઈ સાંસારિક જવાબદારીઓ પણ નિભાવતા જતા હતા. વારાફરતી તેમણે પોતાની દીકરીઓ કુંવરબહેન, શાંતાબહેન અને કંચનબહેનને સારું ઠેકાણું જોઈને પરણાવી હતી. ત્રણે દીકરીઓ સાસરે સુખી હતી. આમ, દિવસો સુખમાં પસાર થઈ રહ્યા હતા.

વશરામભાઈ અને કમળાબહેન નરશીભાઈના પરિવારનાં જ સભ્યો બની રહ્યાં હતાં. નરશીભાઈનાં સંતાનો તેમને મામા-મામી કહીને સંબોધતાં. તુલસીની નાનકડી બહેન ઊર્મિલા ક્યારેક રડવા ચડે અને છાની ન રહે ત્યારે વશરામભાઈ હાલરડું ગાઈને તેને સુવાડતા. વાર્તા કહેતા. આડોશપાડોશનાં બાળકો પણ વાર્તા સાંભળવા ટોળે વળી જતાં. ક્યારેક કાળો પોશાક પહેરાવીને કાળા ઘોડા પર બેસાડી દેશવટે મોકલાતા રાજકુમારની વારતા, તો કોઈક દિવસ પોપટના કાંઠલામાં જેનું મોત હતું એવા રાક્ષસની વારતા. રાત્રે વાળુપાણી પત્યા પછી વશરામભાઈ વારતા માંડતા. ઘણી વાર એક વારતા કેટલાય દિવસ સુધી ચાલતી રહે એમ પણ બનતું. એમાં કોઈ વાર ટુચકાઓ પણ આવતા. ટાબરિયાં તો ઠીક, મોટેરાંને પણ વશરામભાઈની વાતોમાં એટલો જ રસ પડતો અને સૌ પેટ પકડીને હસવા લાગતા.

કમળાબહેન પણ નરશીભાઈનાં સંતાનોને લાડ લડાવતાં. તેમને કશું જોઈતું હોય તો પોતાની મા જડાવબહેન પાસે માગવાને બદલે તેઓ મામી પાસે માગતાં. બપોર પછી ઘર પાસેથી બરફગોળાની લારી નીકળતી ત્યારે તુલસી કમળામામીને કહેતો, 'મામી, પાંચ સેન્ટ આપ. મારે ગોળો ખાવો છે.' કમળાબહેન તેને પાંચ સેન્ટ આપી દેતાં. ઘરકામમાં પણ તેઓ જડાવબહેનને મદદરૂપ બનતાં. કારીગરોનું બંને સમયનું ભાણુ સાચવવાનું હોવાથી જડાવબહેન અને કમળાબહેન મોટા ભાગે રસોડામાં રોકાયેલાં રહેતાં. જડાવબહેન પણ

પોતાનાં આ ભાઈભાભીનું પૂરેપૂરું ધ્યાન રાખતાં. વશરામભાઈના હૈયે જીવનભર એ ભાવ રહ્યો કે આવાં બહેનબનેવી સૌને મળજો.

એ સમયગાળામાં પરિવાર નિયોજનનાં સાધનો નહીંવત્ હતાં. પરિણીત મહિલાઓ સામાન્ય રીતે સવા સવા વર્ષના અંતરે સંતાનને જન્મ આપતી, જે 'સવાસૂરિયું' કહેવાતું. ઉપરાઉપરી સુવાવડને કારણે સંતાન અને માતા બંનેના જીવને જોખમ રહેતું.

જડાવબહેનને ઘેર રહેતાં હતાં એ સમયગાળામાં કમળાબહેનને વધુ એક વાર સારા દિવસો રહ્યા. પૂરે સમયે તેમણે દીકરીને જન્મ આપ્યો. તેનું નામ મુક્તા પાડવામાં આવ્યું. વર્ષ હતું 1935નું.

કમળાબહેનના માથે બંને સંતાનોને ઉછેરવાની જવાબદારી હતી, પણ જડાવબહેનના કારણે તેમનું કામ સરળ બની રહેતું હતું. દિવસો વીતતા જતા હતા. કમળાબહેનને વધુ એક વાર સારા દિવસો રહ્યા. આ વખતે તેમણે સુવાવડ દેશમાં કરાવવાનું નક્કી કર્યું. કુતિયાણામાં પોતાની મા અવલબહેન રહેતાં હતાં. લાંબી મુસાફરી કરીને કમળાબહેન પોતાની મા પાસે આવ્યાં. તેમની સાથે પોતાનાં સંતાનો વૃંદાવન અને મુક્તા પણ હતાં.

કુતિયાણા પોરબંદરથી નજીક થાય. મીરાબાઈના મંદિરની બાજુમાં ધરમશીભાઈ પોપટની ખડકી હતી, જે ઊંડી ખડકી તરીકે ઓળખાતી. તેમાં દસ બાય દસ ફીટ જેટલી એક નાનકડી ખોલી આવેલી હતી. મા-દીકરી અને બંને નાનકડાં ભાઈબહેન તેમાં રહેતાં. વૃંદાવન દોઢ-બે વરસનો, જ્યારે મુક્તા માંડ વરસેકની હશે. આ અરસામાં નાનકડો વૃંદાવન બીમાર પડ્યો. એ સમયે તબીબી સુવિધાઓ આજના જેવી સુલભ અને ઝડપી ક્યાં હતી! તેની બીમારીનું નિદાન થાય અને સારવાર મળે એ પહેલાં તો તેનું અવસાન થયું. આમ, એક તરફ નવા સંતાનના આગમનના દિવસો નજીક આવી રહ્યા હતા, અને બીજી તરફ સૌથી મોટા સંતાનને ગુમાવવાનો વારો આવ્યો. પોતાનું સંતાન ગુમાવવાનું દુઃખ કઈ માને ન હોય! પણ પોતાના સ્વાસ્થ્ય પર તેની વિપરીત અસર થાય તો આવનારા સંતાન પર પણ તેની અવળી અસર પડે! કમળાબહેન આ સમજતાં હતાં. તેમણે શોકને હૈયામાં ધરબીને આ કપરા સમયનો સામનો કર્યો.

તેમની સુવાવડના દિવસો નજીક આવી રહ્યા હતા. આખરે વિક્રમ સંવત 1993ની ફાગણ સુદ ત્રીજ, એટલે કે પંદરમી માર્ચ, 1937ને સોમવારના રોજ તેમણે એક દીકરાને જન્મ આપ્યો. તેનું નામ રાખવામાં આવ્યું વલ્લભ. આ દીકરો એટલે હું પોતે, જેને આ સ્મરણકથાનું આલેખન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આમ, કુતિયાણામાં મારો જન્મ થયો. મારા બાળપણનો કેટલોક હિસ્સો કુતિયાણામાં તેમજ ટબોરામાં વીત્યો. મારી જન્મભૂમિની અનેક યાદો મારા મનમાં ઘોડાપૂરની જેમ ઊમટી રહી છે. બાળપણનો, મારા જીવનના ઉષાકાળનો એ સમયગાળો આજે જીવનસંધ્યાએ પણ મનમાં એવો ને એવો જ તાજો છે.

# ૩. મારા બાળપણની રાજધાની

જન્મ્યા પછી કદાચ પાંચેક વર્ષની ઉંમરથી આપણી સ્મૃતિમંજૂષામાં સ્મૃતિઓ ધીમે ધીમે એકઠી જતી હશે. એથી વહેલી ઉંમરની સ્મૃતિઓ કદાચ કોઈને રહેતી હોય તો પણ એ આછીપાતળી હોય. બિલકુલ એ જ રીતે મને પણ મારી જન્મભૂમિની કુતિયાણાની અનેક સ્મૃતિઓ છે.

અલબત્ત, મારી સ્મૃતિમંજૂષામાં સ્મૃતિઓ એકઠી થાય એ સમયગાળા પહેલાં જ એક કરુણ બનાવ બની ગયો. મારી વય ત્યારે માંડ બેએક મહિનાની હશે. સ્વાભાવિક છે કે હું સમજણો થયો એ પછી મને એની જાણ થઈ. મારા જન્મ પહેલાં મેં મારા એક ભાઈ વૃંદાવનને ગુમાવ્યો હતો. એ જ રીતે મારા જન્મ પછીના અરસામાં મારી બહેન મુક્તાને શીતળા નીકળ્યા. શીતળાનો રોગ ત્યારે જીવલેણ ગણાતો. મુક્તાનો ઇલાજ થાય એ પહેલાં જ તેનું મૃત્યુ થયું. આમ, મારા જન્મ પહેલાં અને એ પછીના સાવ ટૂંકા ગાળામાં મારાં બાએ તેમનાં બબ્બે સંતાનોને ગુમાવવાં પડ્યાં. તેઓ પોતાનાં મા સાથે હતાં, જ્યારે બાપુજી ટબોરામાં હતા. પરિવારજનો કેવી મનોસ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં હશે એની કલ્પના કરવી મુશ્કેલ છે.

મારી બેએક વર્ષની વયે દ્વિતીય વિશ્વયુદ્ધનો આરંભ થઈ ગયેલો. તેનો અંત છેક 1945માં આવ્યો. મને શાળાએ મૂકવાનું આ કારણે ઠેલાઈ ગયું. મને શાળાએ જવાનો વારો આવ્યો છેક 1946માં. પણ ત્યાં સુધીનાં મારાં વર્ષો એકદમ મુક્ત રખડપટ્ટીનાં હતાં. મારા બાળમનમાં તેની છબિ એકદમ સ્પષ્ટપણે અંકાયેલી છે. કુતિયાણામાં મેં વિતાવેલાં બાળપણનાં વરસો હજી મારા મનમાં જીવંત છે.

■

માતૃભૂમિ સાથેનો નાતો એટલે નાભિ-નાળ જેવો સંબંધ! શાસ્ત્રોમાં યોગ્ય રીતે જ કહ્યું છેઃ 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી.' એટલે કે માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ સુંદર અને ગૌરવશાળી હોય છે. જન્મભૂમિમાં ગાળેલું શૈશવ મારી યાદોમાં સદૈવ ધબકતું રહ્યું છે. અહીંની માટીથી મારો દેહપિંડ ઘડાયો હતો, અહીંની ખુલ્લી હવામાં હું શ્વસ્યો હતો. અને આ ગામનાં અન્નપાણીથી મારા શરીરને પોષણ મળ્યું હતું. આથી તેની સાથે હું વિશિષ્ટ અનુબંધ અનુભવું છું.

કુતિયાણા એ જમાનામાં જૂનાગઢ જિલ્લામાં નવાબની હકૂમત તળે આવતું ગામ હતું. પંચહાટડી ચોકમાંથી થોડાં ડગલાં ભરતાં, મુખ્ય બજાર તરફ ફંટાતી સાંકડી શેરીમાંથી

ડાબી બાજુ વળીએ તો સામે જ મીરાબાઈનું મંદિર નજરે પડે અને જમણી તરફ દેરાસરનાં દર્શન થાય! મંદિરની બગલમાં ધરમશીભાઈ પોપટની ઊંડી ખડકી આવે. આ ખડકીમાં આવેલી એક નાનકડી ઓરડીમાં મારો જન્મ! મને તેની કશી સાંભરણ રહી નથી. મારા જન્મ પછી મારાં નાનીમા ધરમશીભાઈની ખડકીના મકાનમાંથી પંચહાટડીમાં આવેલી ત્રિકમ ભટ્ટની ખડકીના બે રૂમના મકાનમાં ભાડે રહેવા ગયેલાં.

કુતિયાણાનાં કેટલાંય સ્થળો અને કેટલીય ઘટનાઓનાં સેપિયા ચિત્રો મનના ખૂણે સંઘરાયેલાં અકબંધ પડ્યાં છે.

એ ભાદર! એ તાલુકા નિશાળ! એ શ્યામસુંદર બાપુની મઢી! એ સાંકડા રસ્તાવાળી ઊભી બજાર! એ કોરટ ને એ ટાવર! આજે પણ કુતિયાણાની પંચહાટડીની શેરીમાં દોડી જવાનું મને મન થઈ આવે છે કે જ્યાં મારી પહેલી પગલીઓ પડી હતી. પંચહાટડી ચોકની ધૂળી શેરીમાં ગિલ્લીદંડા, ખોખો, લંગડી, ચકભિલ્લુ જેવી રમતો મારા ગોઠિયાઓ સાથે હું રમ્યો હતો. કુતિયાણા ત્યારે નાના-મોટા ધંધારોજગારથી ધબકતું. નગરની કક્ષાએ પહોંચવા આવેલું એ કાઠિયાવાડનું સોહામણું ગામ હતું.

શૈશવનાં સ્મરણોની એ સુગંધથી મારું હૃદય તરબતર થઈ જાય છે.

ગામના પાદર પાસેથી અત્યારે ભાદર નદી વહે છે. મારા બચપણના સમયમાં એ બારેમાસ બે કાંઠે વહેતી. કહેવાય છે ભાદરમાં કદી પાણી ખૂટતું નહીં. હું અને મારા ગોઠિયાઓ ભાદરના માથોડાભર વહેતા પાણીમાં નાહવા પડતા અને ડૂબકિયું લગાવતા. પાસેના એક ટિંબા પર ચઢીને અમે ધૂનામાં કૂદતા. ચોમાસામાં ભાદર છલકાતી ત્યારે તેનાં ગોઠણસમાણાં પાણી પંચહાટડી સુધી આવી પહોંચતાં. અમે સૌ નાગાપૂગા, વરસાદમાં પલળતાં પલળતાં કાગળની હોડીઓ બનાવીને ભાદરની છેલમાં તરતી મૂકતા અને એની મજા લેતા.

એક વાર ભાંગતી રાતે ચંદ્રગ્રહણ થયેલું. રાતના બે અઢી વાગ્યાનો સમય! ગામના શ્રદ્ધાળુઓ ભાદરના ઠંડાગાર પાણીમાં શરીર બોળવા માટે ઊમટવા લાગ્યા. મારાં નાનીમા મારી આંગળી પકડીને મને ભાદરમાં ખંખોળિયાં કરાવવા લઈ ગયાં હતાં. ગામના લોકો આસ્થાવાળા હોવાથી માનતા કે ચંદ્રગ્રહણ થાય ત્યારે નદીએ જઈને શરીર સ્વચ્છ કરવું જ જોઈએ. નદીમાં કાયા બોળવાથી ચંદ્રગ્રહણથી અભડાયેલું શરીર શુદ્ધ બને છે એવી માન્યતા લોકોમાં દૃઢ થયેલી હતી.

ભાદરના રમણીય તટ પર એક બાજુ ખાખી બાવાઓનું મંદિર છે, જે ‘ખાખીની મઢી’ તરીકે જાણીતું છે. તે ‘શ્યામસુંદરબાપુની મઢી’ તરીકે પણ ઓળખાય છે. મઢીની ત્રણ બાજુએથી કદાવર વડલા, પીપર અને લીમડાનાં વૃક્ષો હવા ઢોળી રહ્યાં હોય એમ લાગતું. કદાવર શરીર, ફરફરતી કાળી દાઢી, ગળામાં ઝૂલતી રુદ્રાક્ષની માળા સાથે સફેદ ધોતી અને સફેદ ઉપવસ્ત્રમાં શોભતા બાપુને એ મઢીમાં આરતી ટાણે અને મીરાબાઈના મંદિરે દર્શને પધારતા મેં અનેક વાર નિહાળ્યા છે.

આ મઢીથી થોડે દૂર ભાદરના પુલની સામે એક મહાદેવનું મંદિર છે, જે મીનીવાડી તરીકે મશહૂર છે. મારાં નાની કહેતાં કે એક બિલાડી શિવની મૂર્તિની પ્રદક્ષિણા કરતી અને ત્યાં જ રહેતી. લોકો શિવનાં દર્શન કરવા મીનીવાડીમાં આવતા અને લાડુનો પ્રસાદ ધરીને જતા. એ બિલાડીના મરણ પછી ગામવાસીઓએ તેનું પૂતળું બનાવડાવીને મંદિરની બહાર મુકાવ્યું.

મંદિરનો નિસર્ગરમ્ય પરિસર, તડકે ચમકતાં ભાદરનાં સ્વચ્છ પાણી, વૃક્ષોનાં ઝુંડથી પથરાયેલો શીળો છાંયડો, અને મહાદેવના સાંનિધ્યમાં બેસવા માટેનો ઓટલો - આ બધું મહાદેવના ભક્તિમય વાતાવરણમાં ઉમેરો કરતું. બા મને અહીં દર્શન કરવા માટે અનેક વાર પોતાની સાથે લઈ આવતી. આ જગ્યાના ખૂણેખૂણાથી હું પરિચિત થઈ ગયેલો. સહેજ મોટો થયો એટલે હું એકલો પણ આ પવિત્ર સ્થળે પ્રકૃતિનું સૌંદર્યપાન કરવા દોડી આવતો.

કુતિયાણાથી ત્રણ-ચાર માઈલના અંતરે આવેલાં રાણાકંડોરણા, માંડવા, મરમઠ, થેપડા, મહોબતપરા, ગોકર્ણ, ચોર્યાણા જેવાં ગામડાંનું મનેખ હટાણું કરવા કુતિયાણાની બજાર સુધી ચાલીને આવતું.

આપણો દેશ સ્વતંત્ર થયો એ અરસામાં કુતિયાણાની વસતિ ત્રીસેક હજારની હતી. આઝાદી પછી ઘટીને તે ચૌદેક હજારે પહોંચી હતી. કુતિયાણામાં હિન્દુઓ કરતાં મુસલમાન લોકોનું પ્રમાણ વધારે. પણ બધા સંપીને મૈત્રીભાવથી રહેતા. દરેકમાં એખલાસની ભાવના જોવા મળતી. બંને કોમના લોકો વચ્ચે મજબૂત ભાઈચારો હતો. મારી બા કહેતી, ‘ત્યારે લોકો જાતમહેનત કરીને પોતાના પેટ જોગું કમાઈ લેતા.’ ગામનો સંપ એવો હતો કે આંગણે આવી ચડેલા અતિથિ તો ઠીક, ગામને પાદરેથી પણ કોઈ ભૂખ્યું જાય તો ગામની આબરૂ ગઈ ગણાતી. એટલે વટેમાર્ગુ આદરસત્કાર પામે અને કોઠો ટાઢો કરીને પોતાને માર્ગે ચડે. ગામની વહુદીકરીઓ ભાદરને કાંઠે પાણી ભરવા કે લૂગડાં ધોવાં જાય અને અજાણ્યા વટેમાર્ગુને જુએ તો આગ્રહ કરી તેને જમાડે. એક રોટલાની ચાનકી નધણિયાતું ગામનું કૂતરું પણ પામતું એવી માનવતા ત્યારના લોકોમાં હતી. ગામની વહુવારુ ફક્ત ઘરના જ નહીં, ગામના વડીલોની પણ લાજમરજાદ જાળવતી.

ગામની વચ્ચોવચ કચેરી આવેલી હતી, જે આજે પણ છે. તેની બાજુમાં ‘ભગવાનદાસ ફ્રી લાઇબ્રેરી’ હતી. એકાદ સદીથી આ પુસ્તકાલય ગામવાસીઓને રસદાયક વાંચન પૂરું પાડે છે. અહીં છાપાં, સામયિકો અને ઢગલાબંધ પુસ્તકોનો ખજાનો જળવાયો છે. કિશોર-કિશોરીઓ માટે ‘ગાંડીવ’, ‘બાલમિત્ર’ કે ‘રમકડું’ જેવાં બાળસાહિત્યનાં પુસ્તકો આ લાઇબ્રેરીના ખજાનામાં હતાં. મને એ બહુ આકર્ષતાં. હું અવારનવાર ત્યાં જતો. ‘મિયાં ફુસકી’ કે ‘બકોર પટેલ’ની બાળવાર્તાઓનાં પુસ્તકો વાંચવા માટે ઘરે પણ લઈ આવતો. ગામના અન્ય વાચનરસિયાઓ પણ આ પુસ્તકાલયનો લાભ લેતા.

કુતિયાણાની ગરબી સૌરાષ્ટ્રભરમાં બહુ વખણાતી. ગરબી જોવા માટે આસપાસનાં ગામડેથી પણ લોકો આવતા. કુતિયાણામાં પાંચ ગરબીઓ થતી એમાં પંચહાટડીની ગરબી બહુ વખણાતી. પંચહાટડી ચોકમાં હૈયેહૈયું દળાય એવી ભીડ થતી. લોકો કહેતા,

'મુંબઈની દિવાળી અને કુતિયાણાની ગરબીની તોલે કંઈ ન આવે.' મનહર કવઈયા નામના એક યુવાન પંચહાટડીમાં ત્રિકમ ભટ્ટની ખડકીની નજીક અમારા પાડોશમાં રહેતા. તેઓ સારા ચિત્રકાર હતા. દેવદેવીઓનાં રંગબેરંગી ચિત્રો દોરીને સુશોભન દ્વારા તેઓ પોતાની ચિત્રકલાનો લાભ પંચહાટડીની ગરબીને આપતા. ચત્રભુજના ડેલાવાળી ગલીમાં એક માંચડો તૈયાર કરવામાં આવતો. એમાં એક તરફ દરિયાનાં મોજાં ઊછળતાં હોય, વચ્ચેથી મનહર કવઈયાએ દોરેલાં વિવિધરંગી દેવીદેવતાઓનાં ચિત્રો પસાર થતાં હોય અને બીજી તરફ પુરુષવર્ગ ગરબા, છંદ, દાંડિયારાસ અને અઠિંગા રાસની રમઝટ બોલાવતો હોય. દાંડિયારાસ શરૂ થાય એ પહેલાં દેવશીબાપાની રાહ જોવાતી હોય. તેઓ ગરબીમાં જોડાય એ પછી જ જાણે ઉત્સવમાં પ્રાણ ફૂંકાતો. સફેદ પાઘડી અને લેંઘોખમીસ પહેરેલા દેવશીબાપા મીઠી હલકે ગરબી ઉપાડે ત્યારે આખા પંચહાટડી ચોકમાં આદ્યશક્તિની ભક્તિનું પૂર ઊમટતું. એ અલૌકિક દૃશ્યના સાક્ષી બનવું પણ દુર્લભ લહાવો ગણાતો.

અઠિંગાનો દાંડિયારાસ ગરબીના મોરપિચ્છસમો ગણાતો. અઠિંગો પણ બહુ ચગતો. એક હાથમાં દાંડિયો અને બીજા હાથમાં દોરડાનો છેડો પકડીને પુરુષો અઠિંગો રાસ રમતા. આ રાસ દરમિયાન એક લાંબા દોરડાની પેટાદોરીઓ છૂટી પડતી અને રાસ પૂરો થતાં સુધીમાં કોઈ ષોડશીના ચોટલાની જેમ પાછી ગૂંથાઈ જતી. કુતિયાણાની આ ગરબી લગભગ સવાર સુધી ચાલતી. ખેલૈયાઓ થાકીને લોથપોથ થઈ ગયા હોય, પણ પછીની રાતે આ ખેલૈયાઓ તનમનમાં નવું જોમ, ઉત્સાહ અને ચેતનાનો જુસ્સો ભરીને માતા આદ્યશક્તિને આરાધવા માટે પંચહાટડી ચોકમાં હાજર થઈ જતા.

મારી શાળા પણ મજાની હતી. ભણતરકાળના એ દિવસોની વાત જ ઓર હતી. શાળાકાળની સ્મૃતિઓ એવી હોય છે કે જે લગભગ દરેકના મનમાં આજીવન તાજી રહે છે. બાળપણ, કિશોરાવસ્થા, નિર્દોષતા, નિઃસ્વાર્થપણું, ચંચળતા, બેફિકરાઈ, યારીદોસ્તી જેવી અનેક બાબતોનો સંગમ આ અવસ્થામાં હોય છે.

■

કુતિયાણાની આસપાસનાં ગામડાંમાં ઉચ્ચ શિક્ષણની નિશાળની સગવડ નહોતી. આથી ત્યાંનાં છોકરા-છોકરીઓ ભણવા માટે કુતિયાણા આવતાં. સાંજે તેઓ ચાલતાં પાછાં જતાં. છોકરાઓ માટે 'તાલુકા સ્કૂલ' હતી, જ્યારે છોકરીઓ માટે કન્યાશાળા હતી.

અગાઉ જણાવ્યું એમ મને તાલુકા સ્કૂલમાં મૂકવામાં આવ્યો ત્યારે મારી વય આઠ વર્ષની હતી. દ્વિતીય વિશ્વયુદ્ધનો ખતરો વિશ્વભરમાં તોળાયેલો હતો. તેને કારણે શાળાઓ પણ બંધ રાખવામાં આવેલી. યુદ્ધ પૂરું થયા પછી નિશાળ શરૂ થઈ અને મને ત્યાં મૂકવામાં આવ્યો.

જોકે, મને એ યાદ નથી કે પહેલા ધોરણમાં મારા વર્ગશિક્ષક કોણ હતા. મારા મોવાળા (વાળ) ક્યારે ઉતરાવેલા એ પણ મને યાદ નથી. આમ છતાં, જે મારા મનમાં સંઘરાયેલું છે એ બધું એમનું એમ યાદ છે.

અમારા શિક્ષકો પૈકીના અમુક શિક્ષકો મને બરાબર યાદ રહી ગયા છે. કેશવજીસાહેબ

લીલી પાઘડી પહેરીને આવતા. જમનાદાસસાહેબ અમને ઇતિહાસ ભણાવતા. તેઓ પૂજારી તરીકે મીરાબાઈના મંદિરમાં સેવા બજાવતા અને મંદિરનો કારભાર પણ સંભાળતા. તેમનાં પત્ની મેનાબહેન સાથે તેઓ મંદિરમાં જ રહેતા હતા.

રસૂલસાહેબ નામના એક શિક્ષક બહુ કડક હતા, પણ એમની શીખવવાની ઢબ બીજા શિક્ષકોથી સાવ નોખી હતી. મને એમની બહુ બીક લાગતી. એમના હાથનાં ધોલધપાટ મેં બહુ ખાધાં છે. સાથોસાથ એમણે જે પલાખાં અને માપતોલનાં કોષ્ટકો ગોખાવ્યાં હતાં તે હજુ સુધી ભૂલી શકાયાં નથી. વર્ગમાં તેઓ વિદ્યાર્થીઓ પાસે ગોખાવતા અને પછી મોઢે બોલાવતા. પલાખું ખોટું પડે તો તેઓ વિદ્યાર્થીને ધિબેડી નાખતા. હોશિયાર છોકરાને તેઓ સૌથી આગળ, મોવાળની પાટલી પર બેસાડતા. ઠોઠ છોકરાને તેઓ છેલ્લી પાટલીએ બેસાડતા ત્યારે તે છોકરાનું મોં જોવા જેવું થઈ જતું. વાર્ષિક પરીક્ષાના પરિણામમાં રસૂલસાહેબના વર્ગનું ધોરણ હંમેશાં ઊંચું રહેતું.

દવેસાહેબ નામના શિક્ષક પ્રાર્થના પૂરી થાય એટલે નિશાળના ખુલ્લા મેદાનમાં અમને કસરત કરાવતા. શાળાના કોઈ પણ શિક્ષક કોઈ વિદ્યાર્થીને ગામની શેરીમાં આંટા મારતો જોઈ જાય તો વિદ્યાર્થીએ તેમને ‘સાહેબ’ બોલીને સલામ કરવી પડતી. ક્યારેક કોઈ રેઢિયાળ છોકરાએ સાહેબને સલામ ભરી ન હોય અને સાહેબની નજર એ છોકરા પર પડી ગઈ હોય તો બીજા દિવસે શાળામાં સાહેબ એ છોકરાની ધૂળ કાઢી નાખતા.

વર્ગમાં ભણાવેલી કવિતાઓને પગપેટીથી ગુંજતી કરવા માટે અમારે મહેરઅલી સાહેબના વર્ગામાં જવું પડતું. મહેરઅલીસાહેબ દિવ્યચક્ષુ હતા. તેઓ પેટી બહુ સરસ વગાડતા. રાગ અને છંદ પર તેમની પકડ ઘણી સારી હતી. દરેક વર્ગના વિદ્યાર્થીઓએ કવિતા ગાવાની પ્રૅક્ટિસ કરવા માટે તેમના વર્ગમાં જવું પડતું. વિદ્યાર્થીઓને કંઠેથી કવિતાના શબ્દો વહી રહ્યા હોય ત્યારે મહેરઅલીસાહેબ કવિતાની એ પંક્તિઓમાં હાર્મોનિયમના સૂર રેડીને જાન પૂરી આપતા. કવિતાનું સમૂહગાન થતું હોય, મહેરઅલીસાહેબની આંગળીઓ પેટી પર ફરતી હોય અને પેટીમાંથી વહેતી અલૌકિક સૂરોની રસમાધુરી એ ગવાતી કવિતાના મુખડાને મુખરિત બનાવી દેતી. એ કવિતાઓની લયબદ્ધ પંક્તિઓની સૂરાવલિ આકંઠ પીધી હોવાથી મારા હૈયે તે આજે પણ ગુંજી રહી છે. મારું ગળું બીજા છોકરાઓ કરતાં પ્રમાણમાં સારું હોવાથી હું મહેરઅલીસાહેબનો લાડલો વિદ્યાર્થી બની રહ્યો હતો. ‘એક અડપલો છોકરો, જીવો જેનું નામ, અતિશે કરતો અડપલાં, જઈ બેઠો જે ઠામ’ કવિતા જ્યારે સાહેબના ક્લાસમાં ગવાતી ત્યારે વિદ્યાર્થીઓ ખરેખર એકબીજા સાથે અડપલાં કરવા લાગતા. મહેરઅલીસાહેબે બીજી પણ ઘણી કવિતાઓ શીખવી હશે, પણ એમાંની બીજી એકે મને યાદ નથી. નિશાળમાં હાજરી ન પુરાવનાર વિદ્યાર્થીની બૂરી હાલત થતી. અવારનવાર ગેરહાજર રહેતા છોકરાને મજબૂત શરીરવાળા છોકરાઓ ટિંગાટોળી કરીને તેના ઘરેથી શાળાભેગો કરતા.